રજપૂત રમણીનો આત્મત્યાગ

મેવાડના
ઇતિહાસનું
એક દૃશ્ય.

રચનાર
દુર્લભશંકર કરુણાશંકર જાની
મુ. શીહોર (ભાવનગર)

114

[illegible] ચાલ
નં. ૪૪.
બંદર રોડ—કરાચી

[illegible] સર્વ હક્ક
સ્વાધીન રાખ્યા
છે.

પ્રત ૫૦૦ આવૃત્તિ ૧ લી

વિ. સં. ૧૯૭૯
મુલ્ય ૦-૬-૦

ઈ.સ. ૧૯૨૩
પોસ્ટેજ જુદું

અમારા ભારત કારખાનામાં ખાસ બનાવેલ

ભારત સાબુઓ.

વિદ્યાપીઠ

યુરોપની ઢબ મુજબ, હુન્નરોના ખરચો, અ-
અસલ ચીજ રાખી ખાત્રી કરીને
બહાર કાઢ્યો છે.

અમારા સાબુઓ તદ્દન ચોખ્ખા છે, સુડા ખારા જેવા થતા નથી, કપડાં અને અંગ સાફ છે વાપરવામાં આપને સસ્તા માલમ પડશે.

ધોવાનો બાર સોપ—ફીગરોઝ બાર ધોવાનો ટવીન [illegible] કેક—ફીગરોઝ કેક—[illegible] ટવીન કેક—ખાસ [illegible] માટે—બાર્ડર કેક—નહાવાને માટે એક્સ્ટ્રા કવોલીટીના, [illegible] આનંદ બટર મીલ્ક, સ્વીટ ફલાવર જુદા જુદા સુગંધના

દરેક ઠેકાણેથી મળશે — ભારત સોપ લેશો.

ભારત સોપ વર્ક્સ

[illegible] કરાચી

પ્રસ્તાવના.

રજપૂત રમણીનો આત્મત્યાગ એ ખંડ કાવ્યની શરૂઆત કરવા પહેલાં બે બોલ બોલવા ઉચીત ધારૂં છું.

ભારતના ઈતિહાસમાં અને તેમાં પણ ખાસ કરીને મેવાડ ના ઈતિહાસમાં એવા અનેક દાખલાઓ બનેલ છે કે જેમાં રજપૂત રમણીઓએ સ્વાત્માપર્ણના ઉજવળ દ્રષ્ટાંતો મુકેલ છે. પ્રતાપી પ્રતાપના વંશજ મહારાણા રાજસીંહના સમયમાં મેવાડ ભુમિનું ગૌરવ કેવું દેદીપ્યમાન હતું તે ઈતિહાસ પ્રસિદ્ધ છે.

જ્યારે જોધપુર નરેશની ભત્રીજી વિમળા કુમારીનુ પાણી ગ્રહણ કરવા દિલ્હીપતી ઔરંગઝેબ લાવ લશ્કર લઈને આવતો હતો ત્યારે એ ટેકીલી અને ધર્માભિમાની આર્ય બાળાએ પોતાના ધર્મનું રક્ષણ કરવા માટે મહારાણા રાજસીંહની મદદ માગી હતી, રાણાજીએ મોગલ સેનાનો અટકાવ કરવા માટે ભરી સભામાં બીડું ફેરવ્યું હતું; કારણ કે મોગલ સેનાનો અટકાવ થતાં તે દરમીયાન પોતે વિમળાકુમારીને સુરક્ષિત પણે મેવાડમાં લાવી શકે તેમ હતું.

મહારાણાના મીત્રાઈ શુરવીર ચંદ્રસીંહે તે બીડું ઝડપ્યું હતુ ચંદ્રસીંહ પોતાના લગ્નનો પ્રથમ દીવસ હોવા છતાં જંગ માં જવા તૈયાર થયો ને યુદ્ધના નગારાંની દાંડી પુર જોસથી વગાડી; પણ પોતાના મંદિરમાં આવતાં અને પોતાની નવોઢા

પ્રિયતમાને નીહાળતાં યુદ્ધના વિચારો ગેબ થયા અને અફસોસ વધી ગયો, ત્યારે તે શુરી ક્ષત્રાણીએ પોતાના પતીને ફર્જ શું છે, તેનું પુરેપુરૂં ભાન કેવી રીતે કરાવ્યું તે આ કવિતાનું મુળ વસ્તુ છે.

ઇતિહાસીક પ્રસંગોને કવિતામાં ગોઠવવાની શૈલી ઘણીજ થોડી છે બલ્કે નહિ જેવીજ છે, એમ કહીએ તો ચાલે. કવિ નર્મદાશંકરે તેનું કાંઇક દર્શન કરાવેલ છે. આપણા પ્રાચીન કવિઓએ અગર ભારત વર્ષના ઘણા ખરા કવિઓ એ પુરાણમાંથી ધાર્મિક ભાવનાઓના વસ્તુ લઇને પોતાની બુદ્ધિ વડે વીસ્તાર કરેલ છે, ઇતિહાસીક સત્ય પ્રસંગોને કંઇક અંશે જાળવી રાખવાનુ આ શૈલી પણ એક સાધન છે એવી મારી માન્યતા છે.

આ લેખમાં કવિતાનું સ્વરૂપ કેટલા પ્રમાણમાં છે, તેની તુલના કરવાનુ કામ વિદ્વાન વાંચક વર્ગનું છે. આ ખંડ કાવ્ય ઉત્તેજનને પાત્ર થશે તો, "દૈવી સ્વપ્ન" કેજેમાં ભારત વર્ષની વેદીક યુગથી તે આજના સમય સુધીની કવિતા રૂપે કૃપરે મા વર્ણવેલ છે તે પ્રસીદ્ધ કરવા વિચાર છે.

કરાંચી તા.૧-૫-૨૩

વે. ક. જા.

શુદ્ધિપત્ર.

પાનું.	લીટી.	અશુદ્ધ.	શુદ્ધ.
૧	૨	પાતળ	પાતાળ
૯	૪	ભીજવે	ભીંજવે
૧૦	૬	ઇંશ	ઇશ
૧૦	૯	મૃત્યુ઼ં	મૃત્યુ
૧૧	૧૫	સ્ન્નીગ્ધ	સ્નીગ્ધ
૧૨	૫	લાવ	લા'વ
૧૨	૧૪	ગુજાર્યાં	ગુજાર્યો
૧૩	૫	નાખ્યા	નાખ્યો
૧૩	૬	લાગ્યા	લાગ્યો
૧૪	૫	લટકતી જયમ દેખો	લટકતી જયમ દેખે
૧૪	૧૨	માધુરી	માધૂરી
૧૪	૧૩	મુખાર વીંદે	મુખારવીંદે
૧૫	૬	ઉર	ઉરે
૧૫	૭	ભુલે	ભૂલે
૧૫	૧૪	રજપૂત	રાજપૂત
૧૬	૧૪	માંરા	મારા

પાનું.	લીટી.	અશુદ્ધ.	શુદ્ધ.
૧૭	૫	માંહરી	માહરી
૧૯	૧૩	હે	હેં
૧૯	૧૪	છું ડ્કુ	છુડ્કુ
૧૯	૧૮	વં ડુ	વડુ
૨૦	૮	હુ	હું
૨૦	૧૮	ફેરી	કેરી
૨૧	૪	રાણીજી	રાણાજી
૨૧	૧૦	શાબાશ	શા’બાશ



રજપુત રમણીનો આત્મ ત્યાગ

ઉર્ફે

મેવાડના ઇતિહાસનું એક દ્રશ્ય

શાર્દૂલવિક્રીડિત છંદ.

દેવોના અધિરાજ સૂર્ય, અહિંનો છોડી અધિકારને,
જે સામાજ્ય બીજું રહ્યું, નીજ તણું પાતળનું તે હવે;
લેવાને અધિકાર હાથ નીજમાં, વેગે ગતિ છે કરી,
સામંતો રૂપ તારલા ચળકતા, દેખાવ દે છે ફરી, ૧

ખીલેલી બહુ જે હતી કમલિની, બીડાઇ ઝાંખી થઇ,
વામાએહ વિયોગીની ગતિ સમી, શોકાકુલી છે અહિં;
રે આંસુ નવ પાડતું પ્રીય સખિ, જો નાથ તારા નહિ,
સંભાળી નીજ ફર્જને ઝટ અહિં, આવ્યા તણી છે વહી. ૨

હરિગીત છંદ.

સંધ્યા તણો છે વખત એવો, રાત્રીનું સામ્રાજ્ય જે,
વિસ્તાર નિજ સત્તા કરંતું, આવતું આસ્તે દીસે;
જે વીર નરનું ધામ રાજસ્થાનમા વખણાય છે.
જે ઉદયપુર નામે થકી, ક્ષત્રીય વારી જાય છે. ૩

વિશાળ આ મંદિર ત્યાં કો, રાજ મ્હેલ સમું દીસે,
સુંદર અવાસો શોભતા, શણુગારજે ઝાઝો સજે;
શ્રીમંત કો સરદારનું, એ ધામ નકકી ભાસતું,
ત્યાં આ ઝરૂખે ઝુકતું કો, મુર્તિમંત પ્રકાશતું. ૪

પર્વત સપાટી નીરખતી, ચંદા અકાશે જે સમી,
કો યૌવના ઉંચે ઝરૂખે, છે ઉભેલી ત્યાં કંઇ;
નિજ ગાલને આધાર આપ્યો, છે હથેળી સુંદરી,
નિરખી રહી જે ચોક કેરી, લાદી આરસથી ભરી. ૫

જયમ શાંત શ્વેત તલાવડી, વિના તરંગે સ્થીર છે,
પ્રતિબીંબ ચંદા નિરખતી, ગગને થકી ગંભીર જે,
તે રીત એ નિરખે નવોઢા, ચોકની શું શ્વેતતા,
શું માનતી દર્પણ કદી, પ્રતિબીંબ તેમાં પેખવા. ૬

સામ્રાજ્ય અંધારા તણું, ફેલાવ કરતું જાય છે,
મુખચંદ્ર કેરી કાન્તીએ, અટકાવ ત્યાં શું થાય છે;
લલના વિચારે મગ્ન છે ત્યાં, કર્ણ પર કો આવતો,
છે નાદ ગંભિર યુદ્ધનું, જેવું નગારૂં વાગતો. ૭

વિચારમાળાના બધા તુટી, પડયા મણકા તહાં,
વિખરાયલા એ ગેબ કયારે, કયાં થયા દેખાયના;
જયમ મૃગલી બંદુકના અવાજે, ચમકતી ચોપાસ છે,
મૃગ નયની એ ગંભીર અવાજે, નીરખતી આવાસને. ૮

જે રત્નમંજરી નીજ તણી, પ્રીય પાત્ર સખી માનેલ છે,
બોલાવતી કરી સાદ તેને, સદ્ય ત્યાં આવેલ છે,
સલુણી સખી આ કર્ણ પર જે, નાદ ઘોર કઠોર છે,
એ સુચવે છે સમય સાચો, જુદ્ધ કેરા જોરને. ૯

આતુરતા મુજ અંતરે, તું કર તપાંસ જઇ કંઇ,
મુજતાત હાડા રાજ્યમાં, એવા એવાજોથી સહી;
તૈયારીઓ થાતી ખરેખર, યુદ્ધની હુ જાણુતી,
જે ઘોર દાંડી આ નગારે, કર્ણ ઘોષ જણાવતી. ૧૦

"દેવી તણી આજ્ઞા" કહી, દાસી ગઇ ચાલી પછી,
વિચારમાં એ યૌવના, નિમગ્ન જેવી છે કંઇ;

એ રમણી હાડા કુળમાં, ઉત્પતિ જેની શ્રેષ્ટ છે,
ખાંડા ખસે પણ ના હઠે, હાડા ગણાએ નેટ જે. ૧૧

તે રત્નમંજરી શબ્દ દેખે, નયન આતુરથી તહાં,
સંગ્રામ સમયે નાદ તેવો, ભાસતો જાણે જહાં;
લાવી ખબર પડી ક્ષણમાં, દાસી તહાં જે આવતી,
જે રજપુતીના શૌર્ય ને, દીપાવનારી તો હતી. ૧૨

કાં કેમ સખી શું નાદ હાશદ. ઝટ જણાવી દે મને,
ખરી વાત દેવી યુદ્ધ કેરી, યાદ એ દેતી બધે;
ક્ષત્રિય કુળ શીરોમણી, સરદાર સ્વામી આપના,
શિશોદિયા વંશજ પ્રતાપી, શૌર્ય જેહ અમાપ હા. ૧૩

આજ્ઞા થકી રાણા તણી, તૈયારી યુદ્ધ તણી કરે,
ઉત્સાહ ક્ષત્રિયને બીજો, એ સમયવીણ કેવો ઠરે;
વિમળાકુમારી રજપુત, રાઠોડમાં જન્મેલ જે,
માગી મદદ રાણાજીની, સ્વામી નહી માનેલ તે. ૧૪

સુલ્તાન ઓરંગઝેબ વરવા, કાજ ગદ્દીથી ચડે,
છડી સ્વારીએ લઇ લાવ લશ્કર, જોધપુર વિષે પડે;
અટકાવ તે સેના લણ્યો, કરવા જડ પીચું હાથમાં,
બીજું ખરેખર અંગ અંગે, શૌર્ય છે તમ નાથમાં. ૧૫

રાણા પ્રતાપી પાંડને જઇ, ગુપ્ત રસ્તેથી તહાં,
વિમળાકુમારી કર ગ્રહી, લાવે પછી વરત્રા જહાં;
બહુ જંગ જામે જામશે, સરદારો તમ પ્રિયતમ તણી,
અટકાવ મોગલ સૈન્ય કેરો, હામ ભીડેથી ઘણી. ૧૬

રોળા વૃત્ત.

રત્ન મંજરી વાક્ય, સુણી હરખાની બાળા,
વીર વંશમાં જન્મ, પતિને તેમ નીહાળ્યા;
મુખપર લાલી કંઈ, ઉભરો હરખ તણો છે.
પ્રભાત કાળે જેમ, કમળનો રંગ ફર્યો છે. ૧૭

મુજને માનું ધન્ય, સખી આ જન્મે પામી,
રાજ્ય ભક્તિને કાજ, જુદ્ધમાં ધુમે સ્વામી,
વીરનર મુજ ભરથાર, પુરાં મેં પુન્ય કરેલાં,
પુજ્યા ઉમાપતિ ઇશ, ફળો તે આજ મળેલાં. ૧૮

ક્ષત્રિય બાળા એહ, ઇચ્છતી સતત મનેથી,
હોજો વીર નીજ નાથ, જાઠના યુદ્ધ વિષેથી;
શિશોદીયાનું શૌર્ય, વિશ્વમાં વખણાયે છે,
દાસી સુણી એ વેણ, ઉરમાં મલકાયે છે. ૧૯

દીપકના પરકાશ, બધે અંદિરે કીધા,
ચોક વિષે ચળકાટ, આપતા અતી રસીલા;
રત્ન મંજરી સાથ, વાત ત્યાં કરતી રાણી,
શિશોદીયામાં ખ્યાત, આવતા સ્વામી જાણી. ૨૦

ગુલાબી ગાલો પરે, ગુલાબી ઝાંય વધી છે,
કુસુમ કળી પર આજ, પ્રભા શું ચંદ્ર પડી છે;
નીચે નીરખતી નાર, ધરા શું નજર ઠરી છે,
ધડકી ઉછળે ઉર, હર્ષને શર્મ ભરી છે. ૨૧

કરી મિંષ ત્યાં કંઈ, જાય છે દાસી ચાલી,
ચંદ્રસિંહ સરદાર શુર, આ૦ગ્યો જ્યાં ૦હ્લાલી;
નખશીખ નીરખી નાર, નવેલી યોવન મુર્તિ,
કાંતિ મુર્તિમાન, આજ ત્યાં ખરે ખડી શી. ૨૨

શૌર્ય થકી ભરપુર, વિચારો ગેબ થયા છે,
રતી રમણના રંગ, હ્રુદયમાં વહી રહ્યા છે;
અરે આજની રાત, હજુ છે મીઢોળ હાથે,
જવું જુદ્ધની માંહિ, નવોઢા છોડી બાથે. ૨૩
ક્ષત્રિય કેરી ફર્ઝ, ખરેખર કુરકટારી,
ઘાયલ પર એ માર, આપતી ઉર અપારી;

નયન રસીલી તણાં, મદન શર ઘાયલ હું છું,
ફરજ કટારી માર, સાંખતો અરે રહું છું. ૨૪

દંપતી ધરીને મૌન, અરે શું લાજ બીચારી,
કરવાને અટકાવ, આવી ત્યાં વચમાં સારી;
પુરૂષ જાતજે ધીટ, તોડવા મૌન પ્રીયાનું,
સ્કંધ પરે કર ધરી, નીરખવા મુખ મજાનું. ૨૫

આતુર અતિ અનંગ, ઉછળતો ઉરમાં ભારી,
વદે મધુરી વાણ, રસીલી કોમળ પ્યારી;
ખડી ખડી આ વાર, દેહ રૂપ લતા બીચારી,
નાજુક એ કરમાય, આશરા તરૂવીણ તારી. ૨૬

મેઘ ઘટા જયમ લીયે, વૃક્ષ રાજીને ઢાંકી,
બાહુ પાશની માંહ્ય, પ્રીયાને રાખી બાકી;
કંપીત ચરણો કંઇ, અંગમાં કંપ વધારે
મૌન પણાનો નહિ, માનની ભંગ જણાવે. ૨૭

મંદાક્રાન્તા.

મુગ્ધા કેરૂં હૃદય પટજે, શર્મનો રંગ રાખે,
આલીંગે જ્યાં પ્રીયતમ તહાં, ગેબ થાતો નીશંતે;

કીણો કે કે હિમકર તહાં, જેમ ખીલે કુમુદિ,
વાણી કીણો પ્રીયતમ વડે, વિકસે છે મધુરી. ૨૮

બીડાયેલી કુસુમ કળીએ. શર્મનો ત્રાસ ધારી,
સ્વામી લોગી ષટપદ તણા, સ્પર્શ ને ત્યાં વિચારી,
બિમાસેલી તજતી કંઇએ, લાજ ઉરે વધેલી,
જે છોડીને હૃદય જલદી, દુર નાસે ખસેલી. ૨૯

વામા કેરૂં મુખડું નીજને, કર છુપાયલું જે,
બાહુ પાશે કુમળું વપુ ત્યાં, દઢ બંધાયલું છે;
ખેંચી વામા બળકરી પછી, જાય આરામ વાસે,
વ્હાલી તોડી શરમ પડદો, મૌન ક્યાં રાખ પાસે. ૩૦

શું રીસાણી પ્રથમ નીશિએ, રોશ કેવો ધરે છે,
અંધારામાં ચળકતી પ્રભા, તારલા નીરખે છે;
કે કે કાંઇ નજર પતિના, નેત્ર સામે નવેલી,
ચંદા જેવી નીજરૂપ જુએ, શું પ્રતિબીંબ ઘેલી. ૩૧

છુપાયેલું મધુર મુખનું, હાસ્યના બ્હાર કાઢે,
લાજાળી શું પ્રીયતમ તણા, ઉભરાને નિહાળે;
સંકોચાતી અતિશય દીસે. સ્પર્શ સ્વામી તણે શું,
લાજાળીનું સ્વરૂપ સઘળું, તુજ માંહે વસે છું. ૩૨

કંઠે નાખી કર પછી તહાં, બોલતો નાથ નેહે,
વાણી કેરા પિયુષ રસનું, પાત્ર આ ઉર ગેહે;
રેડીને તું ભીંજવ રસીલી, એજ ઇચ્છા હવે છે,
વૃષ્ટિ એથી પ્રીય સખી તણાં, ગાલને ભીજવે છે. ૩૩

વીણા કેરા મધુર સુરનો, રમ્ય ઝંકાર જેવો,
વામા કેરા પિયુષ વચનો, રમ્ય આભાસ તેવો;
આવી ઉરે લગની અતીશે, આમ અહિંયાં લગાડી,
જુધ્ધે જાવા ઝડપથી કર્યું, ચીત્તડાને અગાડી. ૩૪

હાંડી લેઈ કરમહીં કર્યો, ઘોર એ નાદ કેવો,
શું ત્યારે આ પ્રથમ દીવસે, લા'વ છે આમ લેવો;
વ્હાલી તારૂં મુખ નીરખતાં, યુદ્ધની વાત ભુલ્યો,
તારાં ઠારી નયન રસનાં, ટેકમાં ખુબ ડુલ્યો. ૩૫

વાંકી આજે મુજપર થઇ, શું વિધાતા અરેરે,
છોડી આવી મધુર મધુરી, જુદ્ધ જાવું ખરે છે;
છાયા કાંઇ દીલગીરી તણી, મુખડાને છવાઇ,
રામાએ ત્યાં નીરખતી નકી પામતી છે નવાઇ. ૩૬

સ્વામી મારા રવીકુળ વિષે, જન્મ જેણે લીધો છે,
રાણી જાયા અચળ મતીએ, દેશ ઠેકો દીધો છે;

શત્રુ સામે રણમહી જતાં, ત્રાસ શું સીંહ પામે,
જે વંશી છે લવકુશ તણા, કેમ ઉત્સાહ વામે, ૩૭

મૃત્યુ સ્વામી અચળ જગમાં, ફેરવ્યું ના ફરે છે,
એ ચક્રેથી જગતપર શું પ્રાણી પાછું હઠે છે;
તો શા માટે ઊરમહી ડરો, મોહ છોડી તમારો,
વ્હાલા મૃત્યુ વિજય કહીએ, ઇશ છે આપનારો. ૩૮

જોડાણી આ પ્રીયતમ થકી, દાસીની જીંદગાની,
ક્ષત્રાણી શું મનમહી ડરે, મૃત્યુને ક્રુર માની;
આવે મૃત્યું પ્રીયતમ કદી, જુદ્ધમાંહે ઘુમો ત્યાં,
સ્વામી સંગે સહચરી બનું, શંકટાળો બધી હ્યાં. ૩૯

વ્હાલી તારાં વચનજ નકી, વીર ક્ષત્રાણી કેરાં,
સેહી મારા ઉરમંહિ કરે, વાસ વ્યાપી ઘણેરા;
મૃત્યુ કેરે ભય થકી કદી, પુર્વજે પાછી પાની,
ના સુણેલી મુજપર કદી, એબના આવવાની. ૪૦

કાંઈ મારી ખટક દીલમાં, જે વસેલી અનેરી,
વામા આવી વિધુ સુખી તજી, જંગમાં દેઉ ફેરી;
આશા પાછી પ્રીયસખી નહિ, છે મળ્યાની કદાપી,
શંકાઓએ ઉરમહિ રહી, માહરે અત્ર વ્યાપી. ૪૧

વ્હાલી તું આ રમણી મુજને, રત્ન દીધું વિધાતા,
શું એ થોડો સમય સુખનો, આપનારો બળાપો;
એ વિચારો ઉરમહિં ફરે, યુદ્ધ ઉત્સાહ આંખો,
ભાસે મારા હૃદય સરમાં, સત્ય તેં અત્ર ઝાંખ્યો. ૪૨

નાના આવું મન મહિં કદી, લાવશો નાથ મારા,
પેલી નિષ્ઠા ફરજ નીજની, છે પછી દીન દારા;
શુરાઓના કુળમહિં નહી, એબ કાળી લગાડો,
વસ્ત્રે ધોળે જરૂર પડતો, શ્યામતા રંગ ધાડો. ૪૩

આવાં તારાં હૃદય મુજમાં, ખુંબ છે રેડનારાં
ઉમંગીએ વચન મધુરાં, ના કરૂં નાર ન્યારાં;
રાત્રી ચાલી ઝટ ઝટ જતી, દીર્ઘ નાહીં થવાની,
વ્હાલી ભેલ્લો સુખદ રતિનો લ્હાવ કાંઈ લહાની. ૪૪

ઈચ્છા ઉરે મદન રસનો, રંગ દીપાવવાની,
વાડી તારી યુવતી વપુઆ, હું બનું રમ્ય માળી;
સુવાસો દે મધુર કુસુમો, સ્નીગ્ધ સૌંદર્ય કેરાં,
ઇચ્છા એ છે ઉરમહી તજે, માન મોંઘાં મઝેરાં. ૪૫

રંભોરૂનો, કર ગ્રહી પછી, ખેંચતો અંગ અંગે,
ના ના કાંઈ વચન અળગા, તુટતાં એ વદે છે;

લજ્જા મોડી સુખદ રતીનો, સ્વાદ લેવા પ્રીયાથી,
રાત્રી આજે પ્રથમ વળી છે, છેક છેલ્લી જણાતી. ૪૬

માલિની.

જગતમહી જણાતો, માનવીનો સ્વભાવ,
કદી નવ તરછોડે, પ્રાપ્ત કીધેલ લાવ;
બનવુ બની જશે એ. શોક તેનો કરયે શું
સુખદ કયમ પ્રસંગો, આમ જાતા કરે શું. ૪૭

સુખદ કદી પ્રસંગો, ના ટકે વાર ઝાઝી,
જલદી વહી જનારા, દે પછી યાદ તાજી,
મધુર મીલન પ્રેમી, અંત વિયોગ વાળું;
અકળ ગતી વીધીની, વિશ્વ સર્વત્ર ન્યાળું. ૪૮

મધુર કિલ કીલાટો, પક્ષીના કર્ણ આવે,
ઝટ ઝટ જન જાગો, સુચવીને સુણાવે,
વખત બહુ ગુજાર્યો, આમ આરામ માંહી,
ફરજ નીજ બજાવો, સત્ય એ નિમ આંહી. ૪૯

ચળકતી કંઈ ચંદા, આજ ઝાંખી થઈ છે,
વિરહિણી જયમ વામા, કાન્તિ તેવી લહી છે;

રજની મંહી પ્રકાશ્યા, તારલા તેજ વાળા,
ઝટ અંહિ છુપી જાતા, ત્રાસ વાળા નિહાળ્યા. ૫૦

મધુર પવન કેરી, લહેર આવે અટારી,
શ્રમહર સુખ દાતા, હે પ્રભાતે વખાણી;
પ્રિયતમ તંહી જાગ્યો, કેમ નિશ્વાસ નાખ્યો,
નિરખી વદન રામા, શોક વિશેષ લાગ્યો. ૫૧

પ્રિય સખી ઝટ ઉઠી, લોટ છેલ્લી લઇ લે,
શીથીલ સરવ ગાત્રો, નેત્ર દ્વારે શ્રહીને;
સુરત શ્રમિત બાળા, વાળ ઢીપેલ કાળા,
શીથીલ સહુ થયેલા, બંધ વેણી નીહાળ્યા. ૫૨

કુમકુમ બહુ રાતો, ચાંદલો જે કપાળે,
ભુસઇ કંઈ ગયો છે, જે રતિ સ્વેદ કાળે;
કરણ કંઈ સુણાવે, શ્વાસ ધીમા સહુણી,
અતિશય શ્રમથીના, નિંદ છોડે મધુરી. ૫૩

જલદી અહી અરે આ, આવતું છે પ્રભાત,
દુ:ખકર બનનારૂં, દમ્પતીનેજ આજ
રસીલી શ્રમિત રામા, નાંદકાં ના વિસારી,
વદન નીજ પ્રોયાને, સ્પર્શ દીધો વિચારી. ૫૪

અતિશય કરી વૃષ્ટિ, મેઘ શું વૃક્ષ રાજી,
કુસુમ કળી ગુલાબી, આકળે ત્યાં બીરાજી;
ભીજવી ઝટ દીધી છે, ગાલ ભીંઝાય પ્યારી,
નયન કંઈ ખીલેલાં, ઉઘડ્યાં એહ વારી. ૫૫

લટકથી જયમ દેખો, ચંદ્રની કાંતી બાળા,
કુમુદ કુસુમ તેવા, સ્વામીને ત્યાં નીહાળ્યા;
નયન કંઈ હસે છે, નીરખ્યા નાથ નેહે,
જતી રહી બધી રાત્રો, સુખદાતા ખરે એ. ૫૬

પ્રીય સખી ઝટ થાવું, આમ તૈયાર મારે,
રણ મહી કરવાની, કુચ છે વખ્ત ભારે;
હૃદય તણી કંઇ છે, ગ્લાનિનો રંગ મ્હોડે,
ઝટ ઉઠી તહી જાગી, માધુરી અંગ મોડે. ૫૭

મધુર કંઇ વસેલું, હાસ્ય મુખાર વીંદે,
શુચી બની નીજ અંગે, એ ઉમાનાથ વંદે;
પ્રીયતમ દીલ માંહી, આપજો હામ ઝાજી,
ફરજ નહી વીસારે, એજ ઇચ્છા બીરાજી. ૫૮

હૃદય મહિ ધરૂં તે, કાજ હું ધ્યાન તારૂં,
શીવ હર સુખ દાતા, કષ્ટને કાપનારૂં

કિરણ ઊદય થાતાં, સૂર્યના બ્હાર આવે,
રણ મહી ચડવાને, એ ઉમંગી બનાવે. ૫૯

શાર્દૂલવિક્રીડિત છંદ.

તૈયારી કરી સ્વામીએ રણ જવા, શસ્ત્રાસ્ત્ર પુરાં સજી,
લીધો વેષ વીશેષ વીર નરનો, ઉત્સાહ ઝાઝો ભજી;
રામા એહ નિહાળીને અતિશયે, હર્ષે ભરાઈ ઊર,
વેલી જેમ રહી પતી લટકતી, આંસુ કંઈ ત્યાં ખરે ૬૦

મૂકે તું કયમ ભામિની દઈ મને, શીક્ષા અરે આંસુડાં,
નાના છે પતિ શોકનાં કહી મને, એ હર્ષ કેરાં વહ્યાં;
પામી સ્વામી સમા તમો રણવિષે, પેખું જતા ઘુમવા,
ક્ષત્રાણી દીલમાં ધરે નહિ બીજી, ઇચ્છા કદી ચુમવા. ૬૧

વ્હાલી હું નીજ આજ ફર્ઝ કરવા, પૂરી જંઉ જંગમાં,
તું તારી ધરી ફર્ઝને સરવદા, રે'નાર ઉમંગમાં;
જે રામા અહી રજપૂત કુળમાં, જન્મી ખરી ફર્ઝને,
પૂરી છેજ પીછાણનાર નીજની, ના નાથ શું તે તજે. ૬૨

કર્ણે ત્યાં અથડાય નાદ અતિશે, વાદ્યો રણે વાગતા,
ઉજાણી સમ પર્વ એ શૂરવીરો, હર્ષે ભરાતા હતા;

વ્હાલી ભેટજ છેલ્લીઆ જંઉ હવે, છોડી તને સુંદરી,
ભૂલેના નીજ ફર્જતું પ્રીયતમા, શીક્ષા દઉં શું ખરી. ૬૩

હરિગીત છંદ.

એ રીત વદી એ અંગનાને, જાય છે મેદાનમાં,
કંઇ દ્વાર પર જઇ સાદ કરી, બોલાવતો દાસી તહાં;
જે રત્નમંજરી નામ છે, આવી તહાં ઉભી રહે,
મમ માધુરીને છેક તું, સંદેશડો છેલ્લો કહે. ૬૪

જે નુર છે ક્ષત્રાણીનું, સંભાળજો કર્તવ્યને,
કુળ આપણું ઊંચુ ગણી, વીસારજો ના મત્યને;
જા જઇ કહે તુજ દેવીને, હું વાટ જોઇ ઉભો અંહી,
દાસી ગઇ ઝટ દોડાને, ક્ષત્રાણી જ્યાં બેઠી તંહી. ૬૫

શું કામ દાસી સ્વામી તમ, સંદેશડાને પાઠવે,
એ દ્વાર પરથી કંઇ મને, નીજ ફર્જ ક્ષત્રાણી ગ્રહે;
બે ફિકર રે'જો નાથ મારા, તું કહે તેને જઇ,
ના રાજપુત રમણી કદી, બુદ્ધિ બગાડે છે કંઇ. ૬૬

ઓ જાય છે પરિચારિકા, જ્યાં ચંદ્રસિંહ ઉભો હતો,
સંદેશ સલુણી કાંઇ સૂણુવા, તીવ્ર નેત્રે દેખતો;

એ રત્નમંજરી વચન વદતી, પ્રીકરના દેવી તણી,
દીલમાં ધરે કદી નાથ મારા, ફરજ નીજ બજવો ઘણી. ૬૭

સંતોષ કંઇ પામી જતો જ્યાં, મુખ્યદ્વાર આવાસનું,
નિહાળતો નીજ ભુવનને, અશ્રુ કઇ આંખુ પડયું;
રે હાય આ મંદિર તજુ, વસનારી મંદીર માંહરી,
માળા હૃદયની ઉર થકી, તુટી પડી જાતી સરી. ૬૮

ના શાહ દિલ્હી સાથ ફેરા, જંગમાં જીવ્યા તણી,
આશા કદાપી ના ફળે, અંહિ આવવા પાછી ઘણી;
બોલાવી સેવક સાથ દાસી, રત્ન મંજરી આવતી,
શું કામ માલીક માહરા, આજ્ઞા કહો સર્વે છતી. ૬૯

કંઇ શોકની છે ઝાંખ મુખપર, ગળ ગળું દીલ તેહનું,
સંદેશ છેલ્લો જઇ કહે, તુજ દેવીને જે જે કહું;
હું જાઉં છું નીજ ફર્જને, જંગે બજાવ્યા કારણે,
ક્ષત્રાણી ના નીજ ફર્જ ભૂલે, નાથ નીજ જાતાં રણે. ૭૦

આપે જવાબ પ્રીયા તણો, મુજ કર્ણમાં સંભળાવવા,
હું સ્થીર થઇ ઉભેલ છું, જાઉ પછી અરી ભેટવા;
દાસી ગઇ દોડી અતી, ઉમંગમાં રાણી કને,
હાશ વદે શું વેણુ દાસી, દોડતી આવી કહે. ૭૧

સંદેશડો દેવી કહું, છેલ્લો તમારા નાથનો.
છે દ્વાર મુખ્ય પરે ઉભા, મુજ સાથ તેણે પાઠવ્યો;
સંભાળજો નીજ પૂર્જને, રણ રંગ આજ દીપાવવા,
હું જાણું છું સતી સર્વથા, કર્તવ્ય નીજ સંભાળવા. ૭૨

ક્ષત્રાણીએ સુણી વચન એવાં, આગ અંગ ઉઠી રહી,
શું નાથ મારા ફરજ નીજ, આજે ઠરે કટકા સહી;
શું એમ નક્કી લાગશે, શીશોદીયા વંશજ વિષે,
પૂર્વજ કદીના પીંડ પહોંચે, આમ કાયરતા મિષે. ૭૩

મુખ માહરે જો મોહ પામી, જંગમાં ના ઘુમશે,
એ રાજ્ય ભકિતની ખરેખર, ખામી સ્વામી ચુમશે;
બાપ્પા તણા વંશજ કદાપી, નેહના ઘરબારનો,
રાખી રહ્યા જાતા રણે, શું વખત એવો આવતો. ૭૪

વીજળી તણી ઝડપે વિચારો, ઉર નભ પ્રસરી રહ્યા,
કર્તવ્ય શું આ કાળ સ્ફુરૂં, ઉભરા દીલમાં વહ્યાં;
નીજ નાથ પાછળ જાય છે, મેવાડની ક્ષત્રાણીઓ,
હોમી વપુ નીજનું ચીત્તામાં, દાખલા ઝાઝા જુઓ. ૭૫

મુજ કાજ સ્વામી નાથને છે, મોહ માટે માહરી,
કર્તવ્ય કેરી એ દિશા, સૂઝી રહી ત્યારે ખરી;

દાસી અરે તું કામ કર ઝટ, લાવ થાળ સૂવર્ણનો,
હું ભેટ આપું નાથને જે, ના કરે વિલંબતો. ૭૬

તૈયાર થાળી હેમની, તલવાર પાસે છે પડી,
દાસી કંઇ વીચારમાં, સનમુખ દેખાતી ખડી;
રાણી તણા ત્યાં નેત્રમાં, ઉજવળ પ્રકાશનું તેજ છે,
કંઇ બાલ સુર્ય સમું સતિત્વનું, એજ દીપ્યું હેજ છે. ૭૭

હું ભેટ આપું તે જરીના, ઢાંકજે રૂમાલથી,
જઇ નાથને સંદેશ દે, શંકા નહિ દીલમાં કશી;
પ્રિયતમ બજાવી ફર્જને, સુલ્તાન સંગે ઘુમજો,
તમ ક્ષત્રી કેરા શૌર્ય પર, નવ ડાઘ કાળો ચુમજો. ૭૮

મારી ફરજ પુરી બજાવી, આમ આગળથી કરી,
તૈયારી સ્વામી નાથ હું, સ્વર્ગે નકી છું સંચરી;
હે શું કહે દાસી અરે ત્યાં, શીર ઝટ તલવારથી,
છુંટુ પડી પડયું થાળમાં, રૂધીરની ધારા વહી. ૭૯

બહુ આંસુડાઓ આંખથી, દાસી તણાં જાતાં સરી,
શું આમ હાડી રાણીયે, નીજ કાયને કીધી પરી;
ક્ષત્રાણીઓમાં ધન્ય તું છે, દેવી સત્ય લોકની,
તૈયારી કરવા સ્વર્ગમાં ગઇ, વાત શું વંદુ શોકની. ૮૦

રૂમાલ જરીથી ઢાંકીને, એ રત્ન મંજરી શીર લહી.
સૂવર્ણ કેરા થાળમાં, આતુરતા ઝાઝી ગ્રહી;
ઉભો પ્રતાપી ચંદ્રસિંહ જ્યાં, દ્વાર પર ધરી વાટને,
આવે અતિશે ધસમસી, દાસી ગ્રહે ઉચ્ચાટને. ૮૧

નીરખી નયનથી બોલતો, શું ભેટ ભામા મોકલી,
કયમ આંસુડાથી આંખ તારી, રક્ત રંગેલી ભલી;
ત્યાં વેણુ વદતી દાસીએ, સંદેશડો શ્યામા તણો;
તૈયારી હુ આગળ જઈ કરૂં, નાથ ભેટ તહાં ગણો. ૮૨

પૂરી બજાવો ફર્જને, ઘુમી રહો મેદાનમાં,
ચિંતા ત્યજો મારી બધી, પાછી નહિ પાની કદા;
રે આ તું શું સંદેશ ઝટ, રૂમાલને ઉંચો કરે,
મુખ કેશ પાશ રૂધિરથી, ભરપુર એ નીરખી રહે. ૮૩

શું તું સીધવી છે સલુણી, આત્મ ત્યાગ જણાવીને,
ક્ષત્રાણી કેરા જીવનનું, સાર્થક બધું દર્શાવીને;
ચિંતા કરી મારી પરી, શો શોક હું દીલમાં ગ્રહું,
બસ મૃત્યુ વીણ ઇચ્છા હવે ના, અંતરે બીજી ચહું. ૮૪

જયમ ધારતા શંકર ગળામાં, રૂંઢ માળાને બહુ,
તે રીત પ્યારી કેશ કેરી, ગાંઠ કંઠે છે લહું;

લટકી રહ્યું મુખ છે ઉરે, તલ્વાર ખેંચી જોસમાં;
હર હર તણી કરી ગર્જના, આનંદ કે સંતોષમાં. ૮૫

એ દ્રષ્ય દાસી નીરખતી, આંસુ અતિશે પાડતી,
ચાલી ગઇ આવાસમાં, રાણીજી કેરી આકૃતિ;
આવી ઉભી સન્મુખ છે, ક્યમ વાર ઝાજી લાગતી,
સરદારની નીરખી છબી, અદભૂતતા મન જાણતી. ૮૬

સૂણી વાત બધી સંક્ષેપમાં, ત્યાં હર્ષ શોક વહી રહ્યો,
શા’બાશ ક્ષત્રાણી ખરેએ, નાદ રાણાએ લહ્યો;
સેના થઇ સૌ એકઠી, અદભુત વાતો સાંભળે,
શાબાશ વદતા સર્વ ત્યાં, ક્ષત્રીય વીર એવી પળે. ૮૭

ત્યાં ચંદ્રસિંહ વદી રહ્યો, મા’રાજ મૃત્યુ ભેટવા,
ઉમંગ મુજ મનમાં ઘણો, પાછો નહિ આવું હવાં,
સુલ્તાન ઔરંગઝેબનો, અટકાવ ઝાઝો હું કરૂં,
સુખથી સીધાવો ત્યાં તમે, પાણી ગ્રહણ કરજો ખરૂં. ૮૮

એ રીત ક્ષત્રાણી તણો એ, આત્મ ત્યાગ જણાવીયો.
અટકાવ સેના મુગલનો ત્યાં, ચંદ્રસિંહ થકી થયો;
રાણીજી પર્વત ગુપ્ત જે, રસ્તો જઇ પહોંચ્યા તહાં,
પાણી ગ્રહણ વીમળા તણું, કરી હરણ એ લાવ્યાં જહાં. ૮૯

સમાપ્ત.

આ પુસ્તક કરાચી મધ્યે આર્યના સમાજ રોડ ઉપર "મરાઠા પ્રેસ"માં ... મી. માણેકજીએ છાપ્યું અને [illegible] [illegible] અર્થે

[illegible] છાપીને પ્રસિદ્ધ કર્યું.

* [illegible] [illegible] [illegible] [illegible] નં. ૪૪ [illegible] રોડ કરાચી.